# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

......................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINAGAR RAPE CASE

ગાંધીનગરમાં ગત 15 ડિસેમ્બરે ચાર વર્ષની બાળકી સાથે થયેલા દુષ્કર્મ કેસમાં પોલીસે આરોપી સામે અદાલતમાં આરોપનામું દાખલ કર્યું છે. આરોપી સામે ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા – FSL રિપોર્ટ, ટૅક્નિકલ અને વૈજ્ઞાનિક પુરાવાઓ સામેલ છે. આ અંગે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમશેટ્ટીએ વધુ માહિતી આપી.

(BYTE: RAVI TEJA VASAM SHETTY, SP, GANDHINAGAR)

. . . .

# FOOD DEP AMD ACTION

અમદાવાદમાંથી પરવાના વગર ચાલતા દવાના વેચાણ સાથે સંકળાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉક્ટર રતનકંવર ગઢવીચારણે કહ્યું , અમદાવાદમાં મનહરનગર શૉપિંગ સૅન્ટરના ઈ-24ના પ્રથમ માળે આવેલી દુકાનમાં તપાસ કરવામાં આવી. દરમિયાન પરવાના વગર દવાનું વેચાણ માટે સંગ્રહ કરાયેલો 40 લાખ રૂપિયાથી વધુનો જથ્થો મળી આવ્યો હતો.

દવાના જથ્થામાંથી કુલ છ દવાના નમૂનાને પૃથક્કરણ માટે પ્રયોગશાળામાં મોકલાયા છે. તે અહેવાલ આવ્યા બાદ તંત્ર દ્વારા આકળની કાર્યવાહી કરાશે તેમ કમિશનરશ્રીએ ઉંમેર્યું.

. . . . .

# TAPI ACCIDENT

તાપીમાં ટૅમ્પો અને બાઈક વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે, ઉચ્ચલ તાલુકાના મીરકોટ ગામની સીમમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બાઈક પર જતાં બે લોકોને અકસ્માત નડ્યો હતો. તેમાંથી એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

. . . .

# GANDHINAGAR TYPHOID CASE

ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલના પીડિયાટ્રિક વૉર્ડમાં ટાઇફોઈડથી પીડિતા 104 જેટલા બાળકને દાખલ કરાયા છે. એકથી 16 વર્ષની વયના આ દર્દીઓમાં ઝાડા અને ઉલટીનાં લક્ષણ હોવાનું સિવિલ હૉસ્પિટલનાં સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર મીતા પરીખે જણાવ્યું.

(BYTE: DR. MITA PARIKH, SUPERINTENDENT,

GANDHINAGAR CIVIL HOSPITAL)

. . .

# JUNAGADH AMBAJI PATOTSAV

પોષ મહિનાની પૂનમ નિમિત્તે આજે અંબાજી માતાના પ્રાગટ્ય મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. જુનાગઢમાં પણ ગિરનાર પર્વત પર સવારે પાંચ વાગ્યે મંદિરના શિખરે ધજારોહણ સાથે ઉજવણી શરૂ થઈ. ત્યારબાદ શ્રી સુક્તના પાઠ , અભિષેક અને હોમ હવનના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ જોડાયા હતા.

ગિરનાર પર ઉડનખટોલાની સેવા શરૂ થતાં બાળકોથી લઈ મોટી વયના ભક્તોએ માતાજીના દર્શન કરી ઉજવણીનો લ્હાવો લીધો હતો.

. .

# BOTAD SARANGPUR

બોટાદના સુપ્રસિદ્ધ સાળંગપુરધામ ખાતે ધનુર્માસ પૂનમ અને આજે શનિવાર નિમિત્તે હનુમાન દાદાને વિશેષ શણગાર કરાયો. સાથે જ દાદાને "દક્ષિણ ભારત" વિષયવસ્તુ પર ભરતકામ કરેલા વાઘાંનો દિવ્ય શણગાર , 251 કિલો ગુંદરપાક , ખજૂરપાક, અડદિયા અને મેથીના લાડુનો અન્નકૂટ ધરાવાયો છે. સવારે સાડા પાંચ વાગ્યે મંગળાઆરતી બાદ સાત વાગ્યે શણગાર આરતી કરવામાં આવી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. હવે બપોરે સાડા ચાર વાગ્યે મંદિરમાં દિવ્ય રાજોપચાર પૂજન કરાશે.

. . . . . . . . . . . . .

# WEATHER UPDATE

રાજ્યમાં કેટલાક જિલ્લામાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ભાવનગરમાં પણ ઠંડા પવન સાથે લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે.

તો, કચ્છમાં ગત 2 દિવસથી ઠંડીનું જોર વધ્યું છે. નલિયામાં પણ આ મોસમનું અત્યાર સુધીનું સૌથી ઓછું સાત ડિગ્રી સૅલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

. .

# PATAN MD MS COURSE

પાટણની GMERS આરોગ્ય મહાવિદ્યાલય અને ધારપુર હૉસ્પિટલ ખાતે નવા MD – MS અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરાશે. રાષ્ટ્રીય આરોગ્ય પંચ – NMC-એ મહાવિદ્યાલયમાં આ વર્ષથી આ બંને અભ્યાસક્રમમાં 37 બેઠકને મંજૂરી આપી છે. એટલે આ વર્ષથી જ પ્રવેશ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાશે.

. . .

# RAJKOT VIJAY HAZARE

ક્રિકેટની વિજય હઝારે ટ્રોફીમાં આજે બરોડા અને વિદર્ભ વચ્ચે મૅચ રમાઈ રહી છે. રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાતી મૅચમાં વિદર્ભની ટીમે ટૉસ જીતીને પહેલા બૉલિંગ પસંદ કરી હતી. બરોડાએ નિર્ધારિત 50 ઑવરમાં નવ વિકેટ ગુમાવી 293 રન બનાવ્યા હતા. ટીમ તરફથી સૌથી વધુ 133 રન હાર્દિક પંડ્યાએ કર્યા છે. વિદર્ભ તરફથી સૌથી વધુ ચાર વિકેટ યશ ઠાકુરે લીધી. જ્યારે નચિકેત ભૂતે અને પાર્થ રેખડેએ બે-બે અને પ્રફૂલ હિન્ગેએ એક વિકેટ ઝડપી છે.

. . . .